# મઢી સુગરમાં આગામી પિલાણ સિઝન માટે રોલર પૂજાવિધિ સંપન્ન



બારડોલી: શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ., મઢી ખાતે આગામી પિલાણ સિઝન ૨૦૨૬-૨૦૨૭ માટે પરંપરાગત રોલર પૂજાવિધિ શ્રદ્ધાપૂર્વક સંપન્ન કરવામાં આવી છે. તા.૧૮-૦૬-૨૦૨૬ ને ગુરુવારના રોજ આયોજિત આ ધાર્મિક વિધિ સંસ્થાના પ્રમુખ સમીરભાઈ સી.ભક્તના હસ્તે કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે સંસ્થાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મેનેજિંગ ડિરેક્ટર તેમજ મઢી વિભાગ ખેડૂત સંગઠનના પ્રમુખ અને ઉપપ્રમુખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ટ્રક-ટ્રેક્ટર શેરડી વાહતુક સમિતિના પ્રમુખ, ઉપપ્રમુખ તથા સુગર ફેક્ટરીના અધિકારીગણ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં કામદારો હાજર રહ્યા હતા. રોલર પૂજાના સફળ સમાપન બાદ સંસ્થાના પ્રમુખ સમીરભાઈ ભક્તે સૌને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આગામી પિલાણ સિઝન સંસ્થા સાથે સંકળાયેલા તમામ ખેડૂતો, સભાસદો, અધિકારીઓ અને કામદારો માટે અત્યંત ફળદાયી અને લાભદાયી નીવડે.

# ખાડીપૂર ઉકેલ: 65ને આખરી નોટિસ

**બારડોલીમાં** ખાડી પૂરનું સંકટ ટાળવા ગેરકાયદે બાંધકામ કરનારા સામે તંત્ર એક્શન મોડમાં

**7 દિવસમાં** પુરાવા રજૂ નહીં કરાય તો ડિમોલિશનની વકી



બારડોલી: બારડોલીના ધામડોદ રોડ સહિત નગરના વિવિધ સોસાયટી વિસ્તારોમાં છેલ્લાં પાંચ વર્ષથી ચોમાસા દરમિયાન ભરાતા પાણીની ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે આખરે તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. બારડોલી નગરપાલિકા અને ડ્રેનેજ વિભાગ દ્વારા સંયુક્ત સરવે હાથ ધરી કુદરતી વહેણ પર ગેરકાયદે દબાણ કરનારા તેમજ ખુલ્લામાં દૂષિત પાણી છોડનારી સોસાયટીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. તંત્ર દ્વારા કડોદ-બારડોલી રોડ પર આવેલી ધામડોદ અને લુંભા સીમની સોસાયટીઓ સહિત નગરપાલિકા વિસ્તારના આશરે 65થી વધુ મિલકતધારક અને સોસાયટીના પ્રમુખોને આખરી નોટિસ ફટકારાતાં દબાણકર્તાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ચોમાસાની ઋતુમાં રેલવે ફાટકથી બારડોલી તરફ આવતું વરસાદી પાણી, નહેરનું ઓવરફ્લો પાણી તેમજ ધામડોદ અને લુંભા તરફથી આવતું પાણી દર વર્ષે બારડોલીની સ્થાનિક સોસાયટીઓમાં પ્રવેશીને તારાજી સર્જે છે. આ આખા મામલે સ્થાનિક ધારાસભ્ય ઈશ્વર પરમારે કડક અભિગમ અપનાવ્યા બાદ એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. આ તપાસ સમિતિના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે વિવિધ સોસાયટીઓ દ્વારા કરવામાં આવેલાં આડેધડ બાંધકામોને કારણે પાણીનું કુદરતી વહેણ સંપૂર્ણપણે રૂંધાઈ ગયું છે, જેના લીધે પૂર જેવી સ્થિતિ સર્જાય છે.

જી.ડી.સી.આર.ના કાયદા અને નિયમો મુજબ કુદરતી ડ્રેઈન અથવા ખાડીથી 12 મીટરનું માર્જિન છોડવું ફરજિયાત છે. આમ છતાં, આ નિયમોની સરેઆમ અનદેખી કરીને કાંસની હદ અડીને મોટા પાયે બાંધકામો ખડકી દેવામાં આવ્યાં હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર કૌભાંડમાં બિલ્ડરો અને આર્કિટેક્ટો મકાનો વેચીને પોતાનો નફો રળી રવાના થઈ ગયા છે, જ્યારે આજે કાયદાકીય નોટિસોનો સામનો સોસાયટીના નિર્દોષ રહીશોએ કરવો પડી રહ્યો છે. સ્થાનિકોમાં એવી પણ માંગ ઊઠી રહી છે કે રહીશોની સાથે સાથે જવાબદાર બિલ્ડરો અને આર્કિટેકો સામે પણ કડક નવેસરથી કાર્યવાહી થવી જોઈએ.

### માન્ય પુરાવા રજૂ કરવા આદેશ

હાલમાં પાલિકા અને ડ્રેનેજ વિભાગે તમામ નોટિસધારકોને આગામી 7 દિવસમાં પોતાના બાંધકામના જરૂરી અને માન્ય પુરાવાઓ રજૂ કરવા આદેશ કર્યો છે. જો નિયત સમયમર્યાદામાં સંતોષકારક પુરાવાઓ રજૂ કરવામાં નહીં આવે, તો તંત્ર દ્વારા આગામી દિવસોમાં મોટા પાયે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

# શેખપુરમાં ઉધારી બાબતે ઝઘડો થતાં યુવક પર હુમલો

**દુકાન** માલિકે ત્રણ સાગરિત સાથે મળી યુવકને ફટકાર્યો

કામરેજ: શેખપુર ગામે આવેલી હરિદર્શન સોસાયટીમાં કિરાણાની દુકાનમાં બાકી રહેલા રૂપિયા બાબતે દુકાન માલિકે તેના ત્રણ સાગરિતો સાથે મળીને રૂપિયા લેવાની બાબતે સોસાયટીના ગેટ પાસે એક ઈસમને ચપ્પુના બે ઘા મારી દઈને લોહીલુહાણ કરી મૂક્યો હતો.

મૂળ બિહાર અને હાલ કામરેજના શેખપુર ગામે હરિદર્શન સોસાયટી એ-મકાન નં.251માં સંતોષ મીથીલેશ યાદવ રહે છે. સાયણમાં આવેલી ટેક્સટાઈલ કંપનીમાં લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. બુધવારે સોસાયટીમાં આવેલી જય માતાજી કિરાણા સ્ટોર્સમાં દૂધ લેવા માટે ગયો હતો. ત્યારે દુકાન માલિક સૌરભ કેસરવાણીએ જણાવ્યું કે, કારીગર કુલદીપ મહેન્દ્ર યાદવના રૂ.950 બાકી તે ચૂકવતો નથી તે કોણ ચૂકવશે છે તેમ જણાવતાં સંતોષ યાદવે જેટલા રૂપિયા બાકી હશે તે સાંજે આવીને ચૂકવી આપીશ તેવી વાત કરીને દૂધ લઈને ઘરે જતો રહ્યો હતો. સવારના આશરે 9 કલાકે સંતોષ તેમજ ત્રણ ભાઈ રાહુલ, રાજીવ અને નિરંજન તેમજ કારીગરો સાથે કામ પર જવા માટે નીકળ્યા હતા. સોસાયટીના સર્કલ પર સૌરભ કિરવાણીએ કારીગર કુલદીપ સાથે બોલાચાલી કરી ઝઘડો કરતો હતો. જે જોતાં સંતોષ યાદવે જણાવ્યું કે સાંજે રૂપિયા આપી દેવા માટે જણાવ્યું પછી શું કામ માથાકૂટ કરો છો તેવી વાત કરતાં ત્યાં બે ઈસમો આવેલા અને સૌરભને જણાવ્યું કે કોણ તારા રૂપિયા નથી આપતું તેમ કહીને સંતાષ અને કુલદીપ સાથે બોલાચાલી કરી મારામારી કરવા લાગ્યા હતા. સંતોષનો નાનો ભાઈ રાજીવ આવીને હું હમણા આપું છું તમે ઝઘડો નહીં કરો તેવી વાત કરતાં બે ઈસમો ઉજ્જવલ ઉર્ફે કિશાંત કેશવસીંગ સેન અને તેનોભાઈ ઉમાકાંત સેન ગાળો બોલવા લાગ્યા હતા. ત્યારે અજય નામનો ત્રીજો અજાણ્યો ઈસમ બાઈક લઈને આવીને તેના હાથમાં રહેલું ચપ્પુ ઉજ્જવલ ઉર્ફે કિશાંત સેનને આપ્યું હતું. ઉજ્જવલે સંતોષને ચપ્પુના બે ઘા મારી દીધા હતા. લોહિલુહાણ થઈ જતાં સંતોષને 108માં સારવાર સાયણની સરકારી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાદમાં વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જે અંગે કામરેજ પોલીસ મથકમાં ચાર ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી.

# તરસાડીમાં 7 દિવસમાં દબાણ હટાવવા નોટિસ

**માર્ગની** સાઇડે આડેધડ દબાણ રહેતાં ટ્રાફિક અને અકસ્માતની હારમાળા બાદ પાલિકા જાગી



ઈબ્રાહીમ કાનુ

હથોડા: તરસાડી નગરપાલિકા હદ વિસ્તારના મુખ્ય માર્ગ પર વધી રહેલા ગેરકાયદે દબાણો સામે આખરે પાલિકા તંત્રે કડક વલણ અપનાવ્યું છે. સ્થાનિક પ્રજાનો એકમાત્ર આધાર ગણાતો આ મુખ્ય રસ્તો મોટો હોવા છતાં, કેટલાંક તત્ત્વો દ્વારા કરવામાં આવેલાં દબાણોને કારણે સાંકડો બની ગયો હતો. રાત-દિવસ તરસાડી અને કોસંબાની જનતા દ્વારા ઉપયોગમાં લેવાતા આ માર્ગ પર ટ્રાફિક જામ અને અકસ્માતોની હારમાળા સર્જાતી હતી, જેમાં અનેક નિર્દોષ લોકો ભોગ બનતા હતા. આ પરિસ્થિતિને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો.

જનતાની સુવિધા અને સુરક્ષાને ધ્યાને રાખીને તરસાડી નગરપાલિકાના ચીફ ઓફિસરે મોટો નિર્ણય લીધો છે. પાલિકા તંત્ર દ્વારા જલારામ ચોકડીથી લઈને ટર્નિંગ પોઈન્ટ સુધીના મુખ્ય માર્ગ પર ટ્રાફિકને નડતરરૂપ લારી-ગલ્લા મૂકનાર આશરે ૧૦૦ જેટલા દબાણકર્તાઓને સાત દિવસમાં દબાણો જાતે જ ખસેડી લેવા માટેની કડક નોટિસ પાઠવવામાં આવી છે. નગરપાલિકાની આ આકસ્મિક કાર્યવાહીથી દબાણ કરનારાઓમાં ભારે ફફડાટ અને ખળભળાટ મચી ગયો છે.

ચીફ ઓફિસર દ્વારા પાઠવવામાં આવેલી આ નોટિસમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, નગરપાલિકાના જાહેર માર્ગો પર કે માલિકીની જગ્યાની બહાર આવેલા રસ્તાના માર્જિનના ભાગમાં ગેરકાયદે રીતે કાયમી કે હંગામી ધોરણે લારી-ગલ્લા મૂકીને દબાણ ઊભું કરવામાં આવ્યું છે. આ દબાણોના કારણે જ મુખ્ય માર્ગ પર વારંવાર ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ ઉદભવે છે અને જીવલેણ અકસ્માતો થાય છે. સાત દિવસમાં દબાણો સ્વેચ્છાએ હટાવી લેવામાં નહીં આવે, તો નગરપાલિકા દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે રાખીને આ તમામ દબાણો તોડી પાડવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### વ્યારામાં વોર્ડ નં.2માં પાણીની સમસ્યાને લઈ કોંગ્રેસની પાલિકાને રજૂઆત

વ્યારા: વ્યારામાં શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખની આગેવાનીમાં વોર્ડ નં.2માં સર્જાયેલી પાણીની સમસ્યાને લઈ વ્યારા નગર પાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું, જેમાં જણાવાયું હતું કે વિસ્તારમાં પાણી પુરવઠાનો સમય નિશ્ચિત નથી તેમજ ઓછા ફોર્સથી પાણી આવતાં રહેવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવી નિયમિત અને પૂરતા દબાણ સાથે પાણી પુરવઠો સુનિશ્ચિત કરવાની માંગ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી.

### વાંસકુઇ ગામની નહેરમાંથી લાશ મળી

અનાવલ: અંબિકાના વાંસકુઇ ગામની સીમમાંથી પસાર થતી કાકરાપાર ડાબા કાંઠાની નહેરમાંથી આશરે ૪૦થી ૪૫ વર્ષના એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. નહેર ફળિયામાં મહાદેવ મંદિર પાસે શબ તરતું હોવાની જાણ થતાં અનાવલ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને સ્થાનિકોની મદદથી મૃતદેહ બહાર કાઢ્યો હતો.

### તાતીથૈયામાં ૧૯ વર્ષીય યુવકનો આપઘાત

પલસાણા: મૂળ ઉત્તરપ્રદેશના અમેઠીના તિલોઈ તાલુકાના શુધ્ધ ભીખમ શાહ ગામના વતની ૧૯ વર્ષીય શુભમ અમ્રુતલાલ લોધી સાથે તાતીથૈયાની જય ગુરુદેવ ટેક્સટાઈલની છત ઉપર રૂમ નં.૧માં રહી મજૂરીકામ કરતો હતો. તા.૧૭ જૂન-૨૦૨૬ના રોજ સાંજના ૭થી રાત્રિના ૮:૩૦ વાગ્યાના સમયગાળામાં શુભમે પોતાના રૂમમાં અગમ્ય કારણોસર છતની લોખંડની એંગલ સાથે કપડાનો ટુકડો બાંધી ફાંસો ખાતાં તેનું મોત નીપજ્યું હતું.

### કુકરમુંડા પોલીસે બાઇક ચોરીના કેસમાં વધુ એકને ઝડપી પાડ્યો

કુકરમુંડા: કુકરમુંડા પોલીસને મોટરસાઇકલ ચોરીના ગુનામાં વધુ એક મોટી સફળતા મળી છે. પોલીસ તપાસમાં વોન્ટેડ જાહેર કરાયેલા આરોપી સોનુ ઉર્ફે શાહરૂખ લતીફ પઠાણ (ઉં.વ.૨૩) (રહે.,શાહદા, મહારાષ્ટ્ર)ને મટાવલ પોલીસ ચેકપોસ્ટ પાસેથી ઓટો રિક્ષામાં જતા સમય દરમિયાન ઝડપી પાડવામાં આવ્યો છે. પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે, તેણે અગાઉ જપ્ત કરાયેલી બાઇકના સ્પેર પાર્ટ્સ મંગાવ્યા હતા. પોલીસે તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં અગાઉ પણ ત્રણ આરોપીની ધરપકડ થઈ ચૂકી છે. જ્યારે અન્ય એક સહ-આરોપી સલમાન (રહે.,અક્કલકૂવા) હજુ પણ ફરાર છે. કુકરમુંડા પોલીસ હાલ ફરાર આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કરી સઘન શોધખોળ ચલાવી રહી છે.

### વરેલીમાં રૂ.૨.૫૬ લાખના દારૂ સાથે ૪ ઝડપાયા



માંડવી: સુરત ગ્રામ્યના તડકેશ્વર પોલીસ સ્ટેશનની હદમાં વરેલી ગામના બંગલી ફળિયા વિસ્તારમાં ખુલ્લા પ્લોટમાં વિદેશી દારૂનું કાર્ટિંગ ચાલી રહ્યું હોવાની બાતમી મળતાં જ પોલીસે રેડ કરી હતી, જેમાં ૧૫૫૯ બોટલ દારૂ-બીયર અને ત્રણ લક્ઝુરિયસ કાર સહિત કુલ ૧૨.૩૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ ઝડપાઈ ગયો છે. પોલીસની આ કાર્યવાહીમાં રાહુલ મહેન્દ્ર પરમાર, કાર્તિકકુમાર ગૌરવભાઇ નાયકા, સાગર રાકેશભાઇ મોદી અને હાર્દિક મહેશભાઇ પટેલ નામના ચાર આરોપીને ઘટના સ્થળેથી જ દબોચી લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ દારૂનો જથ્થો કડોદરાનો સાહિલ વાંસફોડિયા અને ઉંભેળ ગામનો બ્રિજેશ રાઠોડ નામનો શખ્સ મંગાવી રહ્યા હતા. રેડ થતા જ આ બંને મુખ્ય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી દારૂ કિં.રૂ.૨.૫૬ લાખ, એક ગ્રાન્ડ વીટારા અને બે કાર કિં.રૂ.૯.૫૦ લાખ તથા ૫ મોબાઈલ ફોન કબજે કર્યા છે. પકડાયેલા ચારેય આરોપી સામે પ્રોહિબિશનની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી, ફરાર થયેલા બંને મુખ્ય સૂત્રધારને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં છે.

### ચચરબુંદા પાસે અકસ્માતમાં એકનું મોત

વ્યારા: તાપીના સુરત-ધુલિયા નેશનલ હાઈવે નં.53 પર ઉચ્છલના ચચરબુંડા ગામ નજીક ૧૭ જૂને દૂધના ટેન્કર ન.(GJ 18 BX 6768) અને બાઇક ન.(MH 18 AH 8768) વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બાઇક ચાલક ઋષિકેશ કવિનાથ જાધવ (ઉં.વ.૨૭) (રહે.,ધુલિયા)નું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવક આકાશભાઈ કોળી ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માત સર્જી નાસી છૂટેલા ટેન્કર ચાલક આલોક શર્મા યાદવને પોલીસે બેડકી નાકા પાસેથી ઝડપી લીધો હતો.

### સોનગઢમાં જનકલ્યાણ શિબિર યોજાઈ

સોનગઢ: સોનગઢ પાલિકાના રંગ ઉપવન સભાખંડ ખાતે યોજાયેલી જનકલ્યાણ શિબિર પૂર્ણ થયા બાદ રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ પ્રવાસન રાજ્યમંત્રી ડો.જયરામભાઈ ગામીતે વિવિધ વિભાગના સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. આ સાથે તેમણે સ્ટોલ્સના પ્રતિનિધિઓ સાથે સંવાદ સાધ્યો હતો.

# સમથાણ ગામના ખેડૂત સાથે ક્રેડિટ કાર્ડ લોન અપડેટના નામે છેતરપિંડી

**એસબીઆઈના** ક્રેડિટ કાર્ડ વિભાગના કર્મચારી તરીકે ઓળખ આપી ગઠિયાની કરામત

બારડોલી: બારડોલીના સમથાણ ગામેથી ઓનલાઈન ફ્રોડનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ક્રેડિટ કાર્ડ વિભાગના કર્મચારી તરીકે ઓળખ આપી એક અજાણ્યા ઇસમે ખેડૂતના ખાતામાંથી ૬૧,૨૧૬ની મત્તા સાફ કરી દીધી હતી. આ અંગે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં વિધિવત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

બારડોલીના સમથાણ ગામના માહ્યાવંશી મહોલ્લામાં રહેતા અને ખેતીકામ કરતા ૩૨ વર્ષીય મિતેશભાઈ ગણપતભાઈ માહ્યાવંશી પાસે SBI બેંકનું ક્રેડિટ કાર્ડ છે, જેના પર તેમની બે લોન ચાલી રહી છે. ગત ૧૩ જૂન ૨૦૨૬ના રોજ સવારે સવા દસ વાગ્યાની આસપાસ તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાને SBI ક્રેડિટ કાર્ડ વિભાગનો કર્મચારી ગણાવ્યો હતો અને ડરાવ્યા હતા કે જો લોન અપડેટ નહીં કરવામાં આવે તો બધી રકમ એકસાથે ભરવી પડશે. બાદ ગઠિયાએ મિતેશભાઈના વોટ્સએપ પર SBIના લોગોવાળી 'MAILWOMAN' નામની એક શંકાસ્પદ APK ફાઈલ મોકલી હતી. આ ફાઈલ ડાઉનલોડ કરી ક્રેડિટ કાર્ડની માહિતી સબમિટ કરતાની સાથે જ મિતેશભાઈનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો. મોબાઈલ હેક થતાંની સાથે જ મિતેશભાઈના ફોન પર અલગ-અલગ પાંચ ટેક્સ્ટ મેસેજ આવ્યા હતા, જેમાં ક્રેડિટ કાર્ડમાંથી ક્રમશઃ ૪૧,૪૦૦, ૧૫,૫૨૫, ૭૧૫.૨૬, ૨,૦૪૩ અને ૧,૫૩૨ મળી કુલ ૬૧,૨૧૬ ડેબિટ થઈ ગયા હોવાનું માલૂમ પડ્યું હતું. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં જ તેઓ તાત્કાલિક કડોદ આઉટ પોસ્ટ ખાતે દોડી ગયા હતા. ભોગ બનનારે તુરંત જ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કૉલ કરીને ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. ત્વરિત કાર્યવાહીના ભાગરૂપે સાયબર ક્રાઈમ વિભાગ દ્વારા છેતરપિંડીની રકમમાંથી ૨૪,૩૯૩ની રકમને હોલ્ડ કરી દેવામાં સફળતા મળી છે. આ મામલે મિતેશભાઈએ ૧૭ જૂન-૨૦૨૬ના રોજ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.


